FILE NO : COS/MIS/e-file/276/2025/1164/SECONDARY

કમિશનર શાળાઓની કચેરી,
વિદ્યા સમીક્ષા કેન્દ્ર, બીજો માળ,
સેકટર ૧૯, ગાંધીનગર

<u>વંચાણે લીધા:</u>

(૧) નાણાં વિભાગના કરાવક્રમાંક : નવપ/૧૦/૨૦૨૦/ઓ-૬૪૦/પી, તા.૦૮/૧૧/૨૦૨૪

(૨) નાણાં વિભાગના ઠરાવક્રમાંક : નવપ/૧૦/૨૦૨૦/ઓ-૬૪૦/પી, તા.૧૬/૦૪/૨૦૨૫

(૩) શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંક : ED/0153/06/2025, તા.૦૬/૦૬/૨૦૨૫

(૪) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : COS/0444/06/2025, તા. ૩૦/૦૬/૨૦૨૫

(૫) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, **ડાંગ** દ્વારા **તા.૨૮/૦૮/૨૦૨૫**ના રોજ કેમ્પમાં રજુ કરેલ દરખાસ્ત

(૬) આ શાખાની નોંધ પર મળેલ **તા.૧૦/૦૯/૨૦૨૫** ના માન. નિયામકશ્રીના આદેશ.

<u>કચેરી આદેશ:</u>

નાણા વિભાગના ઉક્ત વંચાણે લીધેલ ક્રમ-(૧)ના ઠરાવથી તા.૦૧/૦૪/૨૦૦૫ પહેલા માન્ય ભરતી બોર્ડ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષા પધ્ધતિ દ્વારા (લેખિત પરીક્ષા, ઇન્ટવ્યુ અને પરિણામની જાહેરાત) પસંદગી પ્રક્રિયા પૂર્ણ થયેલ હોય અથવા રાજયમાં વિવિધ વિભાગોની ફિક્સ પગારની નીતિ હેઠળ સરકારી તેમજ માન્યતા પ્રાપ્ત <u>બિન-સરકારી અનુદાનિત સંસ્થાઓમાં સક્ષમ કક્ષાએથી મંજૂર થયેલ જગ્યાઓ પર માન્ય ભરતી પ્રક્રિયા મારફતે તા.૦૧/૦૪/૨૦૦૫ પહેલાં પસંદગી પ્રક્રિયા પૂર્ણ થયેલ હોય</u>, તેવા કેસોમાં સદર <u>ઠરાવના પેરા – ૧ (અ), (બ) અને (ક) મુજબની જોગવાઈ</u> પરિપૂર્ણ થતી હોય તો તેવા કેસોમાં જૂની પેન્શન યોજનાનો લાભ મળવાપાત્ર થશે તેવું ઠરાવવામાં આવેલ છે.

જે અન્વયે શિક્ષણ વિભાગના સંદર્ભ-૩ થી મળેલ સુચના અનુસાર આ કચેરીના સંદર્ભ-૪ ના પત્રથી જિલ્લા કક્ષાએથી જરૂરી આધાર પુરાવા સહ સ્પષ્ટ અભિપ્રાય સાથે નિયત નમુનામાં દરખાસ્ત અત્રે રજુ કરવા અંગે જરૂરી સુચનાઓ આપવામાં આવેલ હતી.

જે મુજબ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી <u>ડાંગ</u> દ્વારા અત્રેની કચેરી ખાતે આયોજિત રૂબરૂ કેમ્પ દરમિયાન સંદર્ભ-(૫) થી નાણાંવિભાગનાં તા.૦૮/૧૧/૨૦૨૪ નાં ઠરાવની (૧) (ક) (૧) મુજબની જોગવાઈ પરિપૂર્ણ કરતાં હોય તેવા કર્મચારીશ્રીઓ દ્વારા આપવામાં આવેલ વિકલ્પને આધારે નવી પેન્શન યોજના માંથી જૂની પેન્શન યોજનામાં સમાવેશ કરવા બાબતે અભિપ્રાય તથા આધારપુરાવા સાથે દરખાસ્ત રજુ કરેલ છે.

**જિલ્લા શિક્ષણાધિકારીશ્રી** <u>ડાંગ</u> દ્વારા જિલ્લા હસ્તકની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનાં કર્મચારીઓની રજુ કરેલ દરખાસ્ત અન્વયે આ સાથે સામેલ **યાદી 'અ' મુજબનાં ક્રમ નં. ૦૧ થી ૦૩ સુધીનાં કર્મચારીશ્રીઓને** નાણાંવિભાગનાં તા.૦૮/૧૧/૨૦૨૪ના ઠરાવની (૧) (ક) (૧) મુજબની જોગવાઈ તથા

નાણાંવિભાગના તા.૧૬/૦૪/૨૦૨૫ના ઠરાવને અનુસધાને નીચે મુજબની શરતોને આધીન **નવી પેન્શન યોજનામાંથી જૂની પેન્શન યોજનામાં સમાવિષ્ટ કરવાનાં આથી આદેશ કરવામાં આવે છે.**

**શરતો :**

1) કર્મચારીશ્રી દ્વારા આપવામાં આવેલ વિકલ્પ તથા નાણાંવિભાગનાં તા.૦૮/૧૧/૨૦૨૪ તથા તા.૧૬/૦૪/૨૦૨૫ના ઉક્ત ઠરાવોને આધારે યાદી મુજબનાં કર્મચારીઓને નિમણૂંક તારીખ/હાજર થયા તારીખ થી જૂની પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.
2) સદરહું આદેશની કર્મચારીની સેવાપોથીમાં નોંધ કરવાની રહેશે.
3) યાદી મુજબનાં કર્મચારીઓ પૈકી જેઓ હાલમાં સેવામાં ચાલુ હોય તેવા કર્મચારીઓનાં GPF ખાતા ખોલાવવાની દરખાસ્ત નાણાં વિભાગનાં તા.૧૬/૦૪/૨૦૨૫ નાં પત્રક 'ખ' અનુસાર જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીને નિયત નમુનામાં રજુ કરવાની રહેશે.
4) નાણાંવિભાગનાં તા.૧૬/૦૪/૨૦૨૫ નાં ઠરાવની (બ) (૪), (બ) (૫) અને (બ) (૬) ની જોગવાઈઓ મુજબ સંબંધિત કર્મચારીશ્રીઓનાં GPF ખાતા તથા NPS ખાતા અંગેની આનુષાંગિક કાર્યવાહી જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીએ કરવાની રહેશે.
5) યાદી મુજબનાં કર્મચારીઓ પૈકી અવસાન પામેલ તથા નિવૃત થયેલ કર્મચારીશ્રીઓનાં કિસ્સામાં નાણાંવિભાગનાં તા.૧૬/૦૪/૨૦૨૫ના ઠરાવના પત્રક – 'ક' મુજબની કાર્યપધ્ધતિ અનુસાર આનુષાંગિક કાર્યવાહી જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીએ કરવાની રહેશે.
6) કર્મચારીશ્રીની અરજી અન્વયે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દ્વારા રજુ કરેલ દરખાસ્તની વિગતો તેમજ લગત આધાર-પુરાવાને ધ્યાને લઈ સદર હુકમ કરવામાં આવેલ છે. જો રજૂ કરેલ આધાર પુરાવા અંગે ભવિષ્યમાં કોઈ પ્રશ્ન ઉપસ્થિત થશે તો હુકમમાંથી જે તે સંબંધિત કર્મચારીશ્રીની પાત્રતા આપોઆપ રદ થવા પાત્ર રહેશે તથા સંબંધિતો સામે નિયમાનુસાર કાર્યવાહી હાથ ધરવામાં આવશે.
7) ભવિષ્યમાં આ હુકમમાં ફેરફાર કરવાની જરૂરિયાત ઉપસ્થિત થાય તો તે અંગેની તમામ સત્તાઓ નિયામકશ્રી, કમિશનર શાળાઓની કચેરી, ગાંધીનગરની રહેશે.

**નોંધ પર માન. નિયામકશ્રીના આદેશ અનુસાર**

(જયેશ એમ. પટેલ)
નાયબ શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા.ગાંધીનગર

પ્રતિ,

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, ડાંગ.
- સંચાલકશ્રી/આચાર્યશ્રી, યાદી 'અ' મુજબનાં કર્મચારીશ્રીઓની શાળાઓ (જિલ્લા શિક્ષણાધિકારીશ્રી મારફતે)
- યાદી 'અ' મુજબનાં કર્મચારીશ્રીઓ (સંબંધિત શાળા મારફતે)
- નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી, ગ-૨ શાખા, શિક્ષણવિભાગ, સચિવાલય, ગાંધીનગર (જાણ સારૂ)

Signature valid
Signed by:Jayeshbhai Mohanbhai Patel
Deputy Director
Date: 2025.09.11 17:30:40 +05:30

- હુકમ ફાઇલે

## <u>યાદી – 'અ'</u>

**જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, <u>ડાંગ</u> હસ્તકની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનાં નાણાંવિભાગ, ગાંધીનગરનાં તા.૦૮/૧૧/૨૦૨૪ના ઠરાવ ક્રમાંક : નવપ/૧૦/૨૦૨૦/ઓ-૬૪૦/પી ની જોગવાઈ (૧) (ક) (૧) મુજબની જૂની પેન્શન યોજના માટેની પાત્રતા ધરાવતાં કર્મચારીશ્રીઓની યાદી**

| ક્રમ | કર્મચારીનું નામ | હોદ્દો | હાલની શાળા | મૂળ નિમણૂક તારીખ | NPS PRAN NO (12 Digit) | NPS PRAN NO (16 Digit) |
|---|---|---|---|---|---|---|
| ૧ | શ્રી દિવ્યાંગકુમાર નગીનભાઇ પટેલ | મદદનીશ શિક્ષક | વનરાજ હાઇસ્કુલ કાલીબેલ તા.વઘઇ જિ.ડાંગ | 12-11-2003 | 110081871276 | 2011060425620002 |
| ૨ | શ્રીમતી લીલાબહેન જાનુભાઇ કોકણી | મદદનીશ શિક્ષક | દિપ દર્શન માધ્યમિક શાળા આહવા તા.આહવા જિ.ડાંગ | 10-06-2002 | 110001365274 | 2009060425620002 |
| ૩ | શ્રી કિશોરસિંહ ગણપતસિંહ સોલંકી | મદદનીશ શિક્ષક | ઉત્તર બુનિયાદી વિદ્યાલય ચીંચપાડા તા.આહવા જિ.ડાંગ | 11-06-2002 | 110061364279 | 2009060425620007 |

**<u>નોંધ પર માન. નિયામકશ્રીના આદેશ અનુસાર</u>**

(જયેશ એમ. પટેલ)
નાયબ શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા.ગાંધીનગર

Signature valid
Signed by:Jayeshbhai Mohanbhai Patel
Deputy Director
Date: 2025.09.11 17:30:40 +05:30